પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૩૨૨ ૪ ફેબ્રુઆરી, ૨૦૨૩, શનિવાર; મહા સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# SBI-LICનું અદાણી ગ્રુપમાં મર્યાદિત રોકાણ

## નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ભારતીય બેંકિંગ સિસ્ટમ સારી સ્થિતિમાં છે, કોઈએ ડરવાની જરૂર નથી

નવી દિલ્હી, તા.૩

અદાણી ગ્રુપને લઈને હિન્ડનબર્ગ રિસર્ચના રિપોર્ટના કારણે કંપનીને ભારે નુકસાન થઈ રહ્યું છે. આ રિપોર્ટના કારણે છેલ્લા છ દિવસમાં અદાણી ગ્રુપની કંપનીઓને ૪૬ ટકાનું નુકસાન થયું છે. તો, કંપનીની માર્કેટ કેપ ૮,૭૬,૫૨૪ કરોડ રૂપિયા ઘટી ગઈ છે. તો, અદાણીની કંપનીઓમાં રોકાણ કરનારી ભારતીય બેંકો અને એલઆઈસી (ઽ)ને પણ ઝટકો લાગ્યો છે. રોકાણકારોને પણ ચિંતા સતાવી રહી છે. આ મામલાને લઈને સંસદમાં પણ ઘણો હંગામો થયો. હવે નાણા મંત્રી નિર્મલા સીતારમણએ અદાણી મામલે પહેલી વખત વાત કરી છે.



એક ન્યૂઝ ચેનલ સાથેના ઈન્ટરવ્યુ દરમિયાન નાણા મંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, ભારતીય બેંકિંગ સિસ્ટમ સારી સ્થિતિમાં છે. લોકોએ ડરવાની જરૂર નથી. તેમણે કહ્યું કે, એસબીઆઈ અને એલઆઈસી બંનેનું અદાણી ગ્રુપમાં રોકાણ લિમીટમાં છે. તેમણે કહ્યું કે, બેંક અને એલઆઈસી બંને નફામાં છે અને રોકાણકારોએ હાલ ચિંતા કરવાની જરૂર નથી. તેમણે અદાણી ગ્રુપમાં એસબીઆઈ અને એલઆઈસીના રોકાણને

● અનુસંધાન પાન-૭ પર

# ડાઉજોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી અદાણીનો સ્ટોક બહાર કરવામાં આવશે

## ૭ ફેબ્રુ.થી આ પ્રક્રિયા શરૂ થશે, યુએસ માર્કેટે માહિતી આપી

નવી દિલ્હી, તા.૩

હિન્ડેનબર્ગ રિસર્ચ ફર્મનો અહેવાલ અદાણી ગ્રૂપ માટે એક પછી એક મુશ્કેલી સર્જી રહ્યો છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને હવે વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. એનએસઈ તરફથી અદાણી એન્ટરપ્રાઈઝિસ, અદાણી પોર્ટ્સના શેરોને વોચ લિસ્ટમાં મૂક્યા પછી અદાણી એન્ટરપ્રાઈઝિસના સ્ટોકને હવે ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી બહાર કાઢવાની તૈયારી કરાઈ છે. ૭ ફેબ્રુઆરીથી આ પ્રક્રિયા શરૂ થશે આ માહિતી યુએસ માર્કેટ દ્વારા આપવામાં આવી છે. અમેરિકી સ્ટોક એક્સચેન્જે એસએન્ડપી ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી અદાણી એન્ટરપ્રાઈઝને દૂર કરવાની જાહેરાત કરી હતી. તેના પર સ્ટોક મેનીપ્યુલેશન અને એકાઉન્ટિંગ ફ્રોડના આરોપો લાગ્યા છે. ઈન્ડેક્સની જાહેરાત જણાવે છે કે એસએન્ડપી ડાઉ જોન્સ ઈન્ડેક્સ મંગળવાર, ફેબ્રુઆરી ૭, ૨૦૨૩ના રોજ ખુલતા પહેલા ફેરફારોને અસરકારક બનાવશે. હિંડનબર્ગના રિપોર્ટ બાદ અદાણી ગ્રુપના શેરમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા છ સત્રોમાં, એનએસઈ પર અદાણી એન્ટરપ્રાઈઝના શેરની કિંમત રૂ. ૩,૪૪૨ થી ૫૫ ટકા ઘટીને રૂ. ૧,૫૬૫ના સ્તરે પહોંચી ગઈ છે.

આરબીઆઈએ તમામ બેંકો પાસેથી અદાણી એન્ટરપ્રાઈઝને આપવામાં આવેલી લોન

● અનુસંધાન પાન-૭ પર

### અદાણીના શેરમાં ૩૫ ટકાનું ગાબડું

નવી દિલ્હી, તા.૩

ભારતીય અબજપતિ ગૌતમ અદાણીની મુશ્કેલીમાં સતત વધારો થતો જઈ રહ્યો છે. ગત ૧૦ દિવસોમાં તેમની નેટવર્થમાંથી ૫૨ અબજ ડૉલરની મોટી રકમ ધોવાઈ ગઈ હતી અને દુનિયાના ધનિકોની યાદીમાં પણ તેઓ બીજા ક્રમેથી સીધા સરકીને ૨૧મા ક્રમે આવી ગયા છે. રિસર્ચ ફર્મ હિન્ડેનબર્ગના અહેવાલ બાદથી અદાણી ગ્રૂપની મોટાભાગની કંપનીઓની હાલત દયનીય થઈ ચૂકી છે. તાજેતરમાં ડાઉ જોન્સ ઈન્ડેક્સ દ્વારા અદાણીના શેરોને બહાર કરવાનો અહેવાલ જાહેર થયા બાદ અદાણી એન્ટરપ્રાઈઝના શેરોમાં ૩૫ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. કંપનીના સ્ટૉક ૩૫%ના કડાકા સાથે ૧,૦૧૭.૪૫ના નીચલા સ્તરને સ્પર્શી ગયા હતા.

# અફઘાનિસ્તાનને ભારતની ૨૦૦ કરોડની સહાય

## સહાયની જાહેરાતથી અફઘાનિસ્તાન ખુશ : અફઘાનિસ્તાનું ધ્યાન સબંધો સુધારવા પર : તાલિબાને સત્તા મેળવ્યા બાદ ભારતનું અફઘાન પ્રત્યેનું વલણ બદલાયું હતું પરંતુ હવે સહાય પેકેજ જાહેર કર્યું

નવી દિલ્હી, તા.૩

અફઘાનિસ્તાનમાં એક લોકતાંત્રિક સરકાર ઉથલાવી સત્તામાં આવેલા તાલિબાને પોતાની આર્થિક જરૂરિયાતોને પહોંચી વળવા માટે વિદેશી દેશો સાથે સંબંધો સુધારવાની તરફ ધ્યાન આપ્યું છે.

તાલિબાને ગઈકાલે ભારતના કેન્દ્રીય બજેટ ૨૦૨૩-૨૪નું વિશે પણ વખાણ કર્યા અને કહ્યું કે, અફઘાનિસ્તાનમાં ભારતની સહાયની જાહેરાત બંને દેશો વચ્ચેના સંબંધો અને વિશ્વાસ સુધારવા મદદ કરશે.

એક એજન્સીના અહેવાલ અનુસાર, તાલિબાન સરકારે ભારત તરફથી મળેલી મદદ માટે ભારત સરકારની પ્રશંસા કરી છે. ભારતના કેન્દ્રીય બજેટમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમને અફઘાનિસ્તાન માટે રૂ. ૨૦૦ કરોડના વિકાસ સહાય પેકેજની જાહેરાત કરી હતી.

સીતારમને બુધવારે સવારે બજેટ ભાષણ રજૂ કર્યું, જે મોદી સરકારના બીજા કાર્યકાળનું છેલ્લું પૂર્ણ બજેટ હતું.

૨૦૨૩-૨૪ના બજેટમાં ભારતે અફઘાનિસ્તાનને વિકાસ સહાયમાં ૨૦૦ કરોડ રૂપિયા આપવાની રજૂઆત કરી છે. અફઘાનિસ્તાન પર કબજો મેળવ્યા બાદ ભારતે તાલિબાનને આર્થિક મદદ કરી હોય તેવું આ બીજું વર્ષ છે. રિપોર્ટ અનુસાર, આ અંગેની પહેલી જાહેરાત ગયા વર્ષના બજેટમાં કરવામાં આવી હતી.

ભારતના બજેટનું સ્વાગત કરતા તાલિબાનની વાટાઘાટ ટીમના સભ્ય સુહેલ શાહીને કહ્યું, અમે અફઘાનિસ્તાનના વિકાસ માટે ભારતના સહયોગની પ્રશંસા કરીએ છીએ. તેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો અને વિશ્વાસ સુધારવામાં મદદ મળશે."

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ લીધે વરસાદ તેમજ હિમવર્ષાની સંભાવના

## હિમાલય પર વધુ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ : ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક પશ્ચિમી વિક્ષેપ હાલમાં હિમાલયન ક્ષેત્રને અસર કરી રહ્યું છે

નવી દિલ્હી, તા.૩

દેશમાં ફરી એકવાર બે વેધર સિસ્ટમ સક્રિય થઈ છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હિમાલયના પ્રદેશને અસર કરશે, જ્યારે બીજું બંગાળની ખાડીમાંથી એક ડિપ્રેશન શ્રીલંકા તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે દક્ષિણમાં તમિલનાડુ અને કેરળમાં ૨૪ કલાકમાં ભારે વરસાદની સંભાવના છે.'સ્ઢએ કહ્યું કે આગામી દિવસોમાં તાપમાન વધવાથી લોકોને ઠંડીથી પણ રાહત મળશે. આગામી ૨ દિવસ દરમિયાન મધ્યપ્રદેશ અને ઓડિશાના વિવિધ ભાગોમાં કોલ્ડવેવની સ્થિતિ રહેવાની સંભાવના છે. આગામી એક સપ્તાહમાં વરસાદની શક્યતા નહીંવત છે. એકંદરે, હવામાન ખુશનુમા રહેશે અને લગભગ ૨૦-૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. દિલ્હી-દ્રઝઈ સહિત ઉત્તર ભારતમાં દિવસના તાપમાનમાં વધારો થયો છે. જો કે, ઉત્તર ભારતના પહાડી જિલ્લાઓમાં હિમવર્ષાના કારણે સવારે અને સાંજે ઠંડી રહે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી એક સપ્તાહમાં મેદાની વિસ્તારોમાં વરસાદ થવાની આશા નથી. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક પશ્ચિમી વિક્ષેપ હાલમાં હિમાલયન ક્ષેત્રને અસર કરી રહ્યું

● અનુસંધાન પાન-૭ પર

# મુંબઈ પર આતંકી હુમલાની ધમકીથી તંત્ર એલર્ટ ઉપર

## એનઆઈએને ધમકીભર્યો ઈ-મેલ મળ્યો : દેશના વિવિધ શહેરોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે

મુંબઈ, તા.૩

મુંબઈથી આતંકી હુમલાને લઈ મોટા સમાચાર મળી રહ્યા છે. એનઆઈએને ધમકીભર્યો ઈ-મેલ મળ્યો છે. દેશના વિવિધ શહેરોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. એનઆઈએએ મુંબઈ પોલીસને પણ આ માહિતી આપી છે. પોલીસ અને અન્ય એજન્સીઓ તપાસમાં લાગેલી છે. અહેવાલો અનુસાર, એનઆઈએના ઈ-મેલ પર ધમકી આપતો મેલ મળ્યો હતો, જેમાં મુંબઈમાં આતંકી હુમલાની ધમકી આપવામાં આવી હતી. ઈ-મેઈલ કરનારે પોતાને તાલિબાન ગણાવ્યો હતો અને દાવો કર્યો હતો કે તાલિબાન સંગઠનના અગ્રણી નેતા સિરાજુદ્દીન હક્કાનીના આદેશ પર આ હમલો હાથ ધરાશે. ધમકી આપતા ઈ-મેલની માહિતી મળતાની સાથે જ મુંબઈ પોલીસને તેની આ બાબત અંગે જાણ કરવામાં આવી હતી. હાલ પોલીસ અને અન્ય એજન્સીઓ તપાસ કરી રહી છે અને ઈમેલ ક્યાંથી મોકલવામાં આવ્યો હતો તે શોધવાનો પ્રયાસ કરી રહી છે. સાથે જ દેશના અલગ-અલગ શહેરોને એલર્ટ કરી દેવામાં આવ્યા છે.

# એર ઈન્ડિયા ફ્લાઈટમાં આગથી ઈમરજન્સી લેન્ડિંગ

## ટેકઓફ દરમિયાન એન્જિન નંબર એકમાં આગ લાગી : વિમાન ૧૦૦૦ ફૂટની ઉંચાઈ પર હતું, ઘટના બની તે સમયે ફ્લાઈટમાં ૧૮૪ મુસાફરો સવાર હતા




અબુધાબી, તા.૩

અબુ ધાબીથી કાલિકટ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસ ફ્લાઈટના એક એન્જિનમાં ઉડાન દરમિયાન આગ લાગવાની ઘટના બની હતી. જે પછી ફ્લાઈટને અબુ ધાબીમાં સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવી હતી.

જો કે, વિમાનના તમામ મુસાફરો સુરક્ષિત છે. ડીજીસીએએ આ ઘટનાની પુષ્ટિ પણ કરી અને એક નિવેદન રજૂ કરીને જણાવ્યું છે કે, એર ઈન્ડિયા એક્સપ્રેસની બી૭૩૭-૮૦૦ વીટી-એવાયસી ઓપરેટિંગ ફ્લાઈટ આઈએક્સ ૩૪૮ અબુ ધાબી-કાલિકટમાં ટેકઓફ દરમિયાન એન્જિન નંબર એકમાં આગ લાગી હતી. તે સમયે વિમાન ૧૦૦૦ ફૂટની ઉંચાઈ પર હતું. આ પછી એરક્રાફ્ટને સુરક્ષિત રીતે અબુ ધાબીમાં લેન્ડ કરવામાં આવ્યું હતું.

ડીજીસીએના જણાવ્યા અનુસાર, ઘટના સમયે ફ્લાઈટમાં ૧૮૪ મુસાફરો સવાર હતા. એર ઈન્ડિયાના જણાવ્યું અનુસાર જેવી જ ફ્લાઈટ ટેકઓફ થઈ અને એરક્રાફ્ટ ૧૦૦૦ ફૂટની ઉંચાઈએ પહોંચ્યું ત્યારે વિમાનના પાયલટે એક એન્જિનમાંથી સ્પાર્ક થતો જોયો, જે પછી તરત જ એરક્રાફ્ટને અબુ ધાબી એરપોર્ટ પર પાછું લેન્ડ કરવામાં આવ્યું. ડીજીસીએએ આ મામલે તપાસના આદેશ આપ્યા છે.

# સેન્સેક્સમાં ૯૧૦ પોઈન્ટનો ઊછાળો

## અદાણી જૂથના ધબકાની અસર છતાં બજાર ટકી રહ્યું : શેરબજારમાં નિફ્ટી પીએસયુ બેન્ક અને નિફ્ટી બેન્કે સૌથી મોટો ઉછાળો નોંધાવ્યો, ગૌતમ અદાણીના કેટલાક શેર પણ લીલા નિશાન પર બંધ થયા

મુંબઈ, તા.૩

અદાણી ગ્રૂપના ધબડકાના કારણે શેરબજાર પર થોડા સમય માટે બેયર્સનું નિયંત્રણ દેખાઈ રહ્યું હતું. પરંતુ સપ્તાહના છેલ્લા સત્રમાં બુલ્સે દલાલ સ્ટ્રીટ પર કબજો જમાવ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ૯૦૯.૬૪ પોઈન્ટ એટલે કે ૧.૫૨ ટકા વધીને ૬૦,૮૪૧.૮૮ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો. એ જ રીતે, એનએસઈ નિફ્ટી ૨૪૩.૬૫ પોઈન્ટ અથવા ૧.૩૮ ટકાના વધારા સાથે ૧૭,૮૫૪.૦૫ પોઈન્ટના સ્તરે બંધ રહ્યો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની વાત કરીએ તો નિફ્ટી પીએસયુ બેન્ક અને નિફ્ટી બેન્કે સૌથી મોટો ઉછાળો નોંધાવ્યો હતો.

બીએસઈ સેન્સેક્સ પર ટાઈટનનો શેર સૌથી વધુ ૬.૯૪ ટકા વધીને રૂ. ૨,૪૬૪.૯૦ પર બંધ થયો હતો. આ રીતે, બજાજ ફાઈનાન્સનો શેર ૫.૦૯ ટકાના વધારા સાથે બંધ થયો હતો, જ્યારે બજાજ ફિનસર્વ ૫.૦૪ ટકાના વધારા સાથે બંધ થયો હતો. એચડીએફસી બેન્ક (એચડીએફસી બેન્ક) ૩.૫૪ ટકા, એસબીઆઈ, એચડીએફસી, ઈન્ડસઈન્ડ બેન્ક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એશિયન પેઈન્ટ્સ, સન ફાર્મા, એક્સિસ બેન્કના શેર એક ટકાથી વધુના ઉછાળા સાથે બંધ થયા છે. સેન્સેક્સ પર માત્ર ત્રણ જ શેરો ઘટીને બંધ રહ્યા હતા.

# દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત કાસિંથુની વિશ્વનાથનું નિધન



હૈદ્રાબાદ, તા.૩

દાદાસાહેબ ફાળકે પુરસ્કારથી સન્માનિત પ્રખ્યાત ફિલ્મ નિર્માતા કાસિંથુની વિશ્વનાથનું હૈદરાબાદની ખાનગી હોસ્પિટલમાં નિધન થયું છે. તેમની ઉંમર ૯૨ વર્ષની હતી. સૂત્રોની જાણકારી અનુસાર વિશ્વનાથ લાંબા સમયથી બીમાર હતા. 'કલતપસ્વી' તરીકે જાણીતા વિશ્વનાથનો જન્મ ફેબ્રુઆરી ૧૯૩૦માં આંધ્ર પ્રદેશમાં થયો હતો. તેલુગુ સિનેમા સિવાય તેણે તમિલ અને હિન્દી ફિલ્મોમાં પણ ઘણી લોકપ્રિયતા મેળવી હતી. તેમને ૨૦૧૬માં દાદા સાહેબ ફાળકે એવોર્ડથી બિરદાવામાં આવ્યા હતા. બોલિવૂડથી લઈને દક્ષિણ સિનેમાના દિગ્ગજ સ્ટાર્સે વિશ્વનાથના નિધન પર શોક વ્યક્ત કર્યો છે.







**ગાંધીનગરમાં મુંબઈની નામાંકિત લેબોરેટરી થાયરો કેર (Thyro Care) દ્વારા રાહત દરે બોડી પ્રોફાઈલ ટેસ્ટનું આયોજન કરેલ છે.**

જેમાં રૂપિયા ૬૦૦૦ના ટેસ્ટ માત્ર રૂ. ૧૮૦૦માં કરવામાં આવશે. જેમાં લોહીની તપાસ, બ્લડના કાઉન્ટની તપાસ, વિટામીન B12/D2 + D3 ઈન્ફેક્શનની તપાસ, (CRP) લિવર ફંક્શન ટેસ્ટ, કિડનીની તપાસ, ડાયાબીટીશની તપાસ (HBA1C), લોહીમાં ચરબીની તપાસ, થાઈરોઈડની સંપૂર્ણ તપાસ સહિત ૬૯ પ્રકારના ટેસ્ટ કરવામાં આવશે. જેનો લાભ લેવા જાહેર જનતાને વિનંતી છે.

**કેમ્પનું સ્થળ**
ગુરૂકૃપા હોસ્ટેલ, બ્લોક નં. ૧/૧, ચ-૧ ટાઈપ, લીંબચ માતાના મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર
સમય : સવારે ૮ થી ૧૨

**હોમ વિઝીટ ઉપલબ્ધ**
● રીપોર્ટ બીજા દિવસે સાંજે મળશે.
● રજીસ્ટ્રેશન માટે ૯૯૦૯૨ ૯૬૬૬૧

તા. ૫/૨/૨૦૨૩ અને ૭/૨/૨૦૨૩, રવિવાર અને મંગળવારના દિવસે બ્લડ કલેક્શન કરવામાં આવશે. રીપોર્ટ બીજા દિવસે સાંજે મળશે. રજીસ્ટ્રેશન માટે તથા વધારે માહિતી માટે સંપર્ક કરવો. બ્લડ કલેક્શન આપના ઘરેથી કરવામાં આવશે.

ટેસ્ટ માટે સવારે ભૂખ્યા પેટે આવવાનું રહેશે. ● આ પ્રોફાઈલનો ચાર્જ પહેલા ચૂકવવાનો રહેશે.